# આપણું યુજીવીસીએલ

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

અંક-૩૨, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૧૫



## અતિવૃષ્ટિમાં તાકીદે વીજ પુરવઠો પૂરો પાડનાર યુજીવીસીએલ અને પીજીવીસીએલના કર્મઠ વીજ કર્મચારીઓનો સન્માન સમારંભ



યુજીવીસીએલે વધુ એક એવોર્ડ પ્રાપ્ત કર્યો, પાવર એવોર્ડ -૨૦૧૫



અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામાં સફળ વીજ વિતરણ વ્યવસ્થા



૧૦મી ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું મોડાસા ખાતે આયોજન

# આ અંકમાં

**વર્ષ–૬ અંક–૩૨, સપ્ટેમ્બર – ઓક્ટોબર ૨૦૧૫**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**


**સંરક્ષક**
શ્રી અનુપમ આનંદ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી જે. એમ. પટેલ, કાર્યવાહક મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એ. કે. મંગલ, કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી બી. પી. બુચ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી પી. બી. પંડ્યા, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી એચ. એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એચ. ડી. રાઠોડ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.


cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com



સંકલન : ૨૦/૧૦/૨૦૧૫


## આ અંકમાં

**એવોર્ડ**




» યુજીવીસીએલે વધુ એક એવોર્ડ પ્રાપ્ત કર્યો, પાવર એવોર્ડ -૨૦૧૫, 'બેસ્ટ પરફોર્મિંગ ડિસ્ટ્રીબ્યુશન કંપની'ની કેટેગરી માટે આઈપીપીએઆઈ તરફથી મળેલ એવોર્ડ................૦૪


**સન્માન સમારંભ**




» અતિવૃષ્ટિમાં તાકીદે વીજ પુરવઠો પૂરો પાડનાર યુજીવીસીએલ અને પીજીવીસીએલના કર્મઠ વીજ કર્મચારીઓનો સન્માન સમારંભ..........................................૦૬

**પર્વ**

» અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામાં સફળ વીજ વિતરણ વ્યવસ્થા..............................૧૦

» માત્ર ૨૦ મિનિટમાં અંબાજી ખાતે ભાદરવી પૂનમ વખતે ગબ્બર ફીડરનું કામ પૂર્ણ..................................૧૧

**કાવ્યધારા**

» ''સર, આ આપણું જીયુવીએનએલ છે''....................૧૨

**રમતગમત**

» ૧૦મી ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું મોડાસા ખાતે આયોજન..................................૧૩

# સંદેશ



**પ્રિય કર્મચારી મિત્રો,**

બુદ્ધિશાળી વ્યક્તિ વીતી ગયેલી ક્ષણનો શોક નથી કરતી, ભવિષ્યની ચિંતા નથી કરતી, માત્ર વર્તમાનકાળને લક્ષમાં રાખીને જ વ્યવહાર કરે છે.

**– સંસ્કૃત સુભાષિત**

તા. ૨૫થી ૨૭ જુલાઈ ૨૦૧૫ દરમ્યાન આપણી કંપનીના કાર્યક્ષેત્રમાં ભારેથી આતિભારે વરસાદને લીધે થયેલ તારાજી દરમ્યાન વીજ વિતરણ વ્યવહારને ઝડપથી પૂર્વવત્ કરવાના પ્રયાસોમાં દિવસ-રાત જોયા વિના, પૂર્ણ કર્તવ્યનિષ્ઠાથી સખત પરિશ્રમ કરનાર કર્મચારીઓને સન્માનિત કરવા માટે ગુજરાત સરકારશ્રી તરફથી માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ અને રાજ્યકક્ષાના માનનીય મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં 'સન્માન સમારંભ' યોજવામાં આવેલ.

કુદરતી આપત્તિ સમયે કરવામાં આવેલ કામગીરીની સરકારશ્રી તથા પ્રજાએ હકારાત્મક નોંધ લીધી છે, તે આપણા માટે મહત્ત્વની વાત છે. ભવિષ્યમાં પણ આપ સૌની આવી સંનિષ્ઠ કામગીરી કંપનીના ગ્રાહકોનું હિત જાળવવાના પ્રયત્નોનું પ્રેરકબળ સાબિત થશે તેવો મને વિશ્વાસ છે.

દર વર્ષની જેમ યોજાતા પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતેના ભાદરવી પૂર્ણિમાના મેળા નિમિત્તે યાત્રાળુઓને વીજ વિતરણ દ્વારા વધુ સવલત પૂરી પાડવાના ભાગરૂપે રસ્તા ઉપરના ખેતીવાડી કનેક્શનમાં ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવેલ. સમગ્ર મેળા દરમ્યાન સફળતાપૂર્વક વીજ વિતરણ વ્યવસ્થા જાળવી શકાઈ તે માટે હું પાલનપુર સર્કલના કર્મચારીઓને ખાસ અભિનંદન પાઠવું છું.

મિત્રો, આ બંને ઉદાહરણો પરથી સ્પષ્ટ છે કે કુદરતી આફતના સંજોગ હોય કે લોકોની આસ્થા સાથે સંકળાયેલી બાબતો હોય, આપણી કંપનીના કર્મચારીઓ સતત લોકોની સુવિધા જાળવવા માટે પ્રતિબદ્ધ રહે છે. આ આપણા સૌ માટે આનંદ અને ગૌરવની વાત છે.

આવી રહેલી દિવાળી આપ સૌના જીવનમાં ખુશાલીનો નવો ઉજાસ લાવે એવી શુભેચ્છાઓ સાથે,

**અનુપમ આનંદ**, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૧૦-૨૦૧૫**

**કુદરતી આફતના સંજોગ હોય કે લોકોની આસ્થા સાથે સંકળાયેલી બાબતો હોય, આપણી કંપનીના કર્મચારીઓ સતત લોકોની સુવિધા જાળવવા માટે પ્રતિબદ્ધ રહે છે.**

# યુજીવીસીએલે વધુ એક એવોર્ડ પ્રાપ્ત કર્યો, પાવર એવોર્ડ -૨૦૧૫

## ‘બેસ્ટ પરફોર્મિંગ ડિસ્ટ્રીબ્યુશન કંપની’ કેટેગરી માટે આઈપીપીએઆઈ તરફથી મળેલ એવોર્ડ



ઉત્તર ગુજરાતના સાત જિલ્લાને સતત ૨૪ કલાક વીજ વિતરણ કરતી ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે નામના મેળવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને તા. ૫-૯-૨૦૧૫ના રોજ ‘પાવર એવોર્ડ-૨૦૧૫’ અન્વયે ‘બેસ્ટ પરફોર્મિંગ ડિસ્ટ્રીબ્યુશન કંપની’ની કેટેગરી માટે એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. આ એવોર્ડ ગોવામાં આવેલ ગોવા મેરીએટ રીસોર્ટ એન્ડ સ્પા ખાતે કંપનીના ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એ. કે. મંગલને ભારત સરકારના ભૂતપૂર્વ કેબિનેટ કક્ષાના વિદેશ મંત્રી શ્રી સલમાન ખુરશીદના વરદ હસ્તે આપવામાં આવેલ છે.



IPPAI
examine engage empower
Power Awards 2015
This is to certify that
Uttar Gujarat Vij Company Ltd
is adjudged Winner of the award for
Best Performing Distribution Company
at
The 16th Regulators & Policymakers Retreat 2015
5th September, 2015
Harry Dhaul
Director General, IPPAI




આ એવોર્ડની પસંદગી માટે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા મોકલવામાં આવેલ વિગતોમાં ટીએન્ડડી લોસ ૯.૮૭ ટકા, એગ્રીકલ્ચર સિવાયના ટીએન્ડડી લોસ ૮.૦૮ ટકા, ખેતીવાડીના ટીએન્ડડી લોસ ૧૧.૮૪ ટકા, વીજ બીલના નાણાંની વસૂલાત ૧૦૦ ટકા, ટ્રાન્સફોર્મર ફેલ્યોર રેટ ૫.૬૦ ટકા, ખેતીવાડી વિસ્તારના ગ્રાહકોનું મીટરીંગ ૧૦૦ ટકા, ખેતીવાડી ગ્રાહકોનું મીટરીંગ ૪૫.૫૨ ટકા આમ કુલ ૯૪.૯૪ ટકા ગ્રાહકોનું મીટરીંગ કર્યાનું જણાવેલ. કુલ ૪૦૨ ગ્રાહકોની સામે એક કર્મચારી તેમ જ એલ.ટી.લાઇનથી એચ.ટી.લાઇન રેશીયો ૦.૭૬ જણાવેલ.

આ ઉપરાંત આઈ.ટી. ક્ષેત્રનો ઉપયોગ કરીને બીલીંગ, કેશ કલેક્શન ઉપરાંત

ગ્રાહકોને ઉપયોગી સેવાઓ જેવી કે ઓનલાઇન બીલ પેમેન્ટ, વીજ વિક્ષેપ તથા પુનઃસ્થાપનની એસએમએસ દ્વારા જાણ કરવાની સુવિધા વગેરે પણ જણાવવામાં આવેલ.

કંપનીની અન્ય સિદ્ધિઓ જોઈએ તો, યુજીવીસીએલ ભારતની પ્રથમ કંપની છે કે જેણે સતત ૨૪ કલાક વીજ વિતરણ કરતી જ્યોતિગ્રામ યોજનાનું અમલીકરણ કર્યુ તેમ જ છૂટા-છવાયા ફાર્મહાઉસના વિસ્તારમાં વીજ વિતરણ કરી શકાય તે માટે પાયલોટ એડવાન્સ્ડ ટ્રાન્સફોર્મરનો અવિષ્કાર કર્યો. અમદાવાદ શહેરની બહાર બોપલ ખાતે, ગાંધીનગર તેમજ અંબાજી ખાતે અન્ડર ગ્રાઉન્ડ કેબલ દ્વારા વીજ વિતરણ, ૨૧૮ જેટલા ફીડરોનું બાયફરકેશન કરી ૩૬ જેટલી ૬૬ કે.વી. સેવાઓ શરૂ કરવામાં આવી જેથી ગ્રાહકોને વધુ સંતોષ આપી શકાય. નારોલ ખાતે એરડાના સહયોગથી કંપની દ્વારા ખરીદ કરવામાં આવેલ મટીરીયલનું ટેસ્ટિંગ




કરવામાં આવે છે, એનએબીએલ પ્રમાણિત લેબોરેટરી સાબરમતી ખાતે કાર્યાન્વિત છે. ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા ગ્રાહકોની ફરિયાદનો નિકાલ, ૫૯ જેટલાં ખેતાવડી ગ્રાહકોનાં ગૃપ બનાવી ઓછા અને વધુ લોડની વહેંચણીની કામગીરી સમતોલ કરવામાં આવેલ છે. ઈ-ઊર્જાનું સફળ અમલીકરણ, સરકારી શાળાઓ તથા આંગણવાડીમાં ૧૦૦ ટકા ઇલેક્ટ્રીફીકેશન કરવામાં આવેલ છે.

આ બધી માહિતી ઉપરાંત જરૂરી અન્ય માહિતી ઇન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસર એસોસિએશન ઓફ ઇન્ડિયા (IPPAI)ને મોકલવામાં આવેલ. જેને ધ્યાનમાં લઈને આપણી કંપનીને 'બેસ્ટ પરફોર્મીંગ ડિસ્ટ્રીબ્યુશન કંપની' તરીકે ''પાવર એવોર્ડ - ૨૦૧૫'' એનાયત કરવા પસંદગી કરવામાં આવેલ છે.

આ એવોર્ડ વિતરણ સમારંભમાં ડો. નિર્મલ કે. સિંઘ, ડેપ્યુટી ચીફ મિનિસ્ટર







(ઇન્ચાર્જ મિનિસ્ટર ફોર પાવર) જમ્મુ અને કાશમીર સરકાર, શ્રીમતી મીનાક્ષી લેખી, સંસદ સભ્ય લોકસભા, શ્રી સુહેલ શેઠ, મેનેજિંગ પાર્ટનર કાઉન્સેલએજ ઇન્ડિયા, શ્રી ઇસ્માહીલ બ્લાગ્રોવ જુનિયર, લેખક અને આંતરરાષ્ટ્રીય સામાજિક ન્યાય પ્રચારક, શ્રી અખિલેશ તિલોટીયા, લેખક-ધ મેકિંગ ઓફ ઇન્ડિયા, શ્રી હેરી ધૌલ, નિયામક આઇપીપીએઆઇ હાજર રહેલ.

આ એવોર્ડ માટે નીચે જણાવેલ સભ્યોની પસંદગી સમિતિ બનાવવામાં આવેલ.

૧. પ્રોફેસર એસ.એલ. રાઓ, ભૂતપૂર્વ પ્રમુખ સીઇઆરસી.
૨. શ્રી અનિલ રાઝદાન, ભૂતપૂર્વ સચિવ વીજ મંત્રાલય.
૩. શ્રી અજય શંકર, ભૂતપૂર્વ સેક્રેટરી, ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ પોલીસી એન્ડ પ્રમોશન મીનીસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ.
૪. શ્રી વી. સુબ્રમન્યમ, ફોર્મર સેક્રેટરી, મીનીસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રીન્યુએલ એનર્જી.
૫. શ્રી એચ.એલ. બજાજ, ફોર્મર મેમ્બર, એપેલેટ ટ્રીબ્યુનલ ફોર ઇલેક્ટ્રીકલ.
૬. શ્રી વી.પી. રાજા, ફોર્મર ચેરમેન,




એમઈઆરસી.
૭. શ્રી આર. એમ. પ્રશેર, ફોર્મર ચેરમેન, હરીયાણા ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન.

વધુમાં જાણવાની વાત એ છે કે ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ આ જ કેટેગરી માટે રનર્સ-અપ ઘોષિત થયેલ છે. દરેક વ્યક્તિ માટે વીજળીનું આયોજન કરવાનો ઉદ્દેશ આ સંસ્થા ધરાવે છે. આ કોન્ફરન્સને મિનિસ્ટ્રી ઓફ પાવર, મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી, મિનિસ્ટ્રી ઓફ કોલ દ્વારા સહયોગ આપવામાં આવેલ છે અને એક્ટિવિટ એસ્સાર પાવર, જીંદાલ પાવર અને અન્ય સંસ્થાઓ દ્વારા સ્પોન્સર્ડ કરવામાં આવેલ છે.

સરકારશ્રી દ્વારા ખાનગી સંસ્થાઓને વીજ ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહન આપવાનું નક્કી કર્યા બાદ આઈપીપીઆઈની સ્થાપના કરવામાં આવી, જેનો ઉદ્દેશ વીજ ઉત્પાદન ક્ષેત્રે સંસ્થાઓને પડતી મુશ્કેલીઓનું તટસ્થ રીતે નિવારણ લાવતો મંચ પૂરો પાડવાનો છે. ■

# અતિવૃષ્ટિમાં તાકીદે વીજ પુરવઠો પૂરો પાડનાર યુજીવીસીએલ અને પીજીવીસીએલના કર્મઠ વીજ કર્મચારીઓનો સન્માન સમારંભ

અતિવૃષ્ટિમાં તાકીદે વીજ પુરવઠો પૂર્વવત્ કરનારા સંનિષ્ઠ વીજ કર્મચારીઓના સન્માન સમારંભનું આયોજન તા. ૨૨-૦૯-૨૦૧૫ના રોજ ટાઉન હોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સમારંભ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

યુજીવીસીએલ અને પીજીવીસીએલના સયુંક્ત ઉપક્રમે યોજાયેલ કર્મચારીઓના સન્માન સમારંભની મહત્ત્વની બાબત એ હતી કે ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ અલગ થયેલ. વિવિધ વીજ કંપનીઓના કર્મચારીઓને એક બીજા સાથે આટલી મોટી સંખ્યામાં મળવાનો અમુલ્ય અવસર ઊભો થયેલ. જેને લીધે કર્મચારીઓ અને અધિકારીઓમાં વિશેષ ઉત્સાહનો માહોલ જોવા મળેલ.

સદર કાર્યક્રમમાં કર્મચારીઓને સન્માનિત કરવા માટે ઉપસ્થિત મહાનુભાવોમાં માનનીય મંત્રીશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, શ્રી સૌરભભાઈ પટેલ, શ્રી ગોવિંદભાઈ પટેલ, માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, શ્રી એલ. ચુંઆગો, અગ્રસચિવ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને ચેરમેન, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, શ્રી વી.એન. માયરા, ચેરમેન, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, શ્રીમતી શાહમીના હુસેન, ડિરેક્ટર (એડમિન), શ્રી અનુપમ આનંદ, મેનેજિંગ ડિરેક્ટર, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, શ્રી સંદીપ કુમાર, મેનેજિંગ ડિરેક્ટર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, શ્રી ગુરદીપ સિંઘ, મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ અને શ્રી એમ. બી. જાડેજા, એક્ઝિક્યુટીવ ડિરેક્ટર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડનો સમાવેશ થાય છે તેમજ વિશાળ સંખ્યામાં યુજીવીસીએલ અને પીજીવીસીએલના અધિકારી-કર્મચારી ઉપરાંત પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારોએ ઉપસ્થિત રહીને પ્રોત્સાહન પૂરું પાડેલ.

કાર્યક્રમની શરૂઆત શ્રીમતી ધારીણીબેન દેસાઈ દ્વારા ગણપતિની



પ્રાર્થના ગાઈને કરવામાં આવી હતી.

સ્વાતગ પ્રવચનમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદે યુજીવીસીએલ અને પીજીવીસીએલના સંયુક્ત ઉપક્રમે આયોજીત, અતિવૃષ્ટિમાં તાકીદે વીજ પુરવઠો પૂર્વવત્ કરનારા સંનિષ્ઠ વીજ કર્મચારીઓના સન્માન સમારંભના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોનું હૃદયપૂર્વક સ્વાગત કરતાં જણાવેલ કે ''જૂન-જુલાઈ, ૨૦૧૫ દરમ્યાન યુજીવીસીએલ અને પીજીવીસીએલના કાર્યક્ષેત્રમાં ભારે અને અતિભારે વરસાદને કારણે વીજ વિતરણ વ્યવસ્થાને ભારે નુકસાન થયેલ. પશ્ચિમ ગુજરાતના કાર્યક્ષેત્રમાં બે તબક્કામાં એ નુકસાન થયું હતું. જૂન માસમાં અમરેલી, જૂનાગઢ, ભાવનગર, રાજકોટ ગ્રામ્ય એ વર્તુળના કાર્યક્ષેત્રમાં ભારે નુકસાન થયેલ અને પછી જુલાઈ માસમાં ભૂજ, મોરબી અને સુરેન્દ્રનગરમાં પણ ભારે નુકસાન થયું હતું. લગભગ ૧૪૦૦ જેટલાં ગામોમાં વીજ વિક્ષેપની સ્થિતિ સર્જાઈ હતી. જુલાઈ માસમાં પણ એક હજારથી વધારે ગામોમાં વીજ વિક્ષેપની પરિસ્થિતિ સર્જાઈ હતી. એ જ રીતે ઉત્તર ગુજરાતના કાર્યક્ષેત્રમાં લગભગ ૭૫થી ૮૦ ટકા વિસ્તારમાં વીજ વિક્ષેપની પરિસ્થિતિ ૨૫થી ૨૯ જુલાઈ દરમિયાન અતિભારે વરસાદને કારણે થઈ હતી.

લગભગ ૨૪ લાખ ગ્રાહકોને પણ શરૂઆતમાં વીજ વિક્ષેપને કારણે નુકસાન થયું હતું અને વીજ પુરવઠો મળતો ન હતો, પરંતુ આપણા સંનિષ્ઠ કર્મચારીઓની ગેંગ, બહારના કોન્ટ્રાક્ટરના મદદથી


શ્રી સૌરભભાઈ પટેલ


શ્રી ગોવિંદભાઈ પટેલ


શ્રી એલ. ચુંઆગો


શ્રી અનુપમ આનંદ


શ્રી સંદીપ કુમાર

તેમજ પીજીવીસીએલ અને ડીજીવીસીએલના કર્મચારીઓના સહયોગ તેમજ સહિયારા પ્રયત્નથી આપણે પરિસ્થિતિ સારી કરી શક્યા હતા અને આપત્તિ બાદ આપણી કંપનીઓના કર્મચારીઓએ પોતાની તમામ શક્તિ અને સંસાધનોનો ઉપયોગ કરી દિવસ-રાત જોયા વિના વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા સખત પરિશ્રમ કર્યો હતો. આ બાબત ધ્યાને રાખીને, માનનીય મંત્રીશ્રીના સૂચન મુજબ આપણે સનિષ્ઠ કર્મચારીઓનું સન્માન કરવા માટે કાર્યક્રમનું આયોજન કર્યું છે.

સરકારશ્રી તરફથી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે જે સૂચનાઓ આપવામાં આવી હતી તેનો ત્વરિત અમલ કરવા માટે સૌએ સહિયારો પુરૂષાર્થ કર્યો છે, જેનો હું પોતે સાક્ષી છું. જેને પરિણામે ઓછામાં ઓછા સમયમાં આપણે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી શક્યા છીએ અને આપણી કાર્યક્ષમતાનો પરિચય આપી શક્યા છીએ.

કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ આ કામગીરીની નાગરિકો તથા સરકારશ્રી દ્વારા હકારાત્મક નોંધ લેવામાં આવેલ છે અને એના લીધે આજનો આ કાર્યક્રમ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં આવવા બદલ ફરીથી આપ સૌનું સ્વાગત કરું છું અને માનનીય મંત્રીશ્રીઓનું ખાસ સ્વાગત કરીને વિરમું છું. જય જય ગરવી ગુજરાત.''

સ્વાગત પ્રવચન બાદ અતિવૃષ્ટિમાં તાકીદે વીજ પુરવઠો પૂરો પાડવાની કામગીરી દરમિયાન મૃત્યુ પામનારા ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી. અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.ના કર્મચારીઓને શ્રદ્ધાંજલી આપવા માટે ઉપસ્થિત તમામ મહાનુભાવો અને કર્મચારીઓએ બે મિનિટનું મૌન પાળી સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પવા માટે પ્રાર્થના કરી હતી.

આ પછી, પ્રાસંગિક ઉદ્‌બોધનમાં અગ્રસચિવ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, શ્રી એલ. ચુંઆગોએ યુજીવીસીએલ અને પીજીવીસીએલના સનિષ્ઠ વીજ કર્મચારીઓના સન્માન સમારંભના ભાગ બનવા બદલ ગૌરવની લાગણી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, આપણા કર્મચારીઓ તેઓની ફરજ બજાવવામાં ક્યારેય નિષ્ફળ ગયા નથી, જેનું તેમને ગૌરવ છે.

તેઓએ સૌની સલામતી સાથે ગ્રાહકોની કરવામાં આવી રહેલ સેવાઓની નોંધ લઈ તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવેલ. તેમણે કહ્યું હતું કે ''આપત્તિની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે તમામ વીજ કંપનીઓ ભેગી થાય છે અને સંકલન ઊભું કરી એકબીજાને સહયોગ આપી સફળ કામગીરી બજાવે છે જે અભિનંદનને પાત્ર છે. સફળ કામગીરીને લીધે આપણી વીજ કંપનીઓને માન્ય સંસ્થાઓ દ્વારા એ-પ્લસ રેટિંગ પ્રાપ્ત થાય છે. જેનાથી આપણી કંપનીઓ દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરી શકી છે. માનનીય શ્રી સૌરભભાઈ પટેલ અને શ્રી ગોવિંદભાઈ પટેલના સફળ નેતૃત્વ હેઠળ આપણે સફળતાપૂર્વક કામગીરી કરી શક્યા છીએ. ભવિષ્યમાં પણ આ પ્રકારની પ્રભાવશાળી કામગીરી કરી અને આવનારા પડકારોને ઉપાડી લઈને કંપનીના સત્તાધીશો અને સરકારશ્રીને સંતોષ આપી શકીશું તેઓ વિશ્વાસ ધરાવું છું.''

પોતાના પ્રાસંગિક પ્રવચનમાં માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ શ્રી ગોવિંદભાઈ પટેલે આફત દરમિયાન કામગીરી કરવા બદલ જે કર્મચારી સન્માનના અધિકારી બન્યા છે તે માટે સૌને રાજ્ય સરકાર વતી ખૂબ ખૂબ ધન્યવાદ અને અભિનંદન પાઠવેલ અને જણાવેલ કે ''વિપરીત સંજોગોમાં આપણી કસોટી થતી હોય છે. આપણા આદરણીય પ્રધાનમંત્રી કહે છે કે

### યુજીવીસીએલના વિસ્તારમાં...

- કંપનીના ૩૮ શહેરો પૈકી ૨૧ શહેરોમાં નુકસાન થયેલ.
- કુલ ૩૫૩૯ જેટલા ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયેલ અને ૨૩.૬૭ લાખ ગ્રાહકોને અસર થયેલ.
- વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે અંદાજીત ૪૬.૭૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયેલ.
- કુલ ૩૪૫૬ જેટલા ફીડરો ક્ષતિગ્રસ્ત થયેલ.
- ૧૧૧૦ કિ.મી. એચ.ટી. લાઇન, ૩૪૧ કિ.મી. એલ.ટી.લાઇન, ૧૪૭૬ ટ્રાન્સફોર્મર સેન્ટર, ૪૦૮૯ થ્રી-ફેઝ સર્વિસ કનેક્શન, ૨૯,૭૪૩ સિંગલ-ફેઝ સર્વિસ કનેક્શન, ૧૧,૧૪૦ એલ.ટી.પોલ તથા ૭૫૦૬ જેટલા એચ.ટી. પોલને નુકસાન થયેલ.

### પીજીવીસીએલના વિસ્તારમાં...

- કંપની હેઠળના જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર સહિતના કુલ ૦૭ શહેરોમાં ભારે નુકસાન થયેલ.
- કુલ ૧૪૫૬ જેટલાં ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયેલ.
- કુલ ૨૦૯૬ જેટલા ફીડરો ક્ષતિગ્રસ્ત થયેલ.
- ૨૩૮૭ કિ.મી. એચ.ટી. લાઇન, ૫૪૩ કિ.મી. એલ.ટી. લાઇન, ૪૧૩૬ ટ્રાન્સફોર્મર સેન્ટર ક્ષતિગ્રસ્ત થયેલ.
- ૧૩૦૨૨ થ્રી-ફેઝ સર્વિસ કનેક્શન, ૩૪૦૫૦ સિંગલ-ફેઝ સર્વિસ કનેક્શનોમાં વીજ વિક્ષેપ થયેલ.
- તેમજ ૫૨૯૧૪ વીજ થાંભલાઓને નુકસાન થયેલ.

આપત્તિને પણ અવસરમાં પલટવાની આપણામાં ક્ષમતા અને તાકાત પડેલી છે. આપત્તિને અવસરમાં જ્યારે પલટવાનો સમય હોય છે ત્યારે ગમે એવી પરિસ્થિતિ આપણા કુંટુંબની હોય, ઘરની હોય તેની પરવા કર્યા વગર 'મારો આરાધ્ય એ મારો ગ્રાહક છે, મારો આરાધ્ય એ મારો વીજ વપરાશકાર છે અને એની સેવા પૂરી કરવી એ મારી ફરજ છે, ધર્મ છે અને કર્મ છે' એમ માનીને જ્યારે આપણે કામ કરતા હોઈએ છીએ ત્યારે આપણા મનમાં પણ કામ કરવાનો એક આનંદ થતો હોય છે. 'મારી ફરજ મેં નિભાવી છે' એનો નિજાનંદ જે આપણને મળે છે એ જીવનમાં એક મૂડી બનતો હોય છે. જે દુર્ઘટનાઓ બની એનો હું સાક્ષી છું કારણ કે મેં નજરે જોયું હતું. અતિવૃષ્ટિના કારણે તે જ દિવસે બપોર પછી ગોંડલ વિસ્તારોનાં ગામડાંઓમાં જઈને મેં જોયું હતું તો પાઇપલાઇનો તણાઈ ગઈ હતી, આપણા ટ્રાન્સફોર્મરો, લાઇનો ઘસડાઈને નદી સુધી પહોંચી હતી. હજારોની સંખ્યામાં થાંભલાઓ પડીને જમીનદોસ્ત થઈ ગયા હતા અને જ્યારે આ બધું જોતાં હતા ત્યારે મને પણ લાગતું હતું કે આ ક્યારે ઊભું કરીશું, લોકોની સેવાઓ પુનઃ ક્યારે આપણે શરૂ કરી શકશું, પણ આપણી ટીમે જે કૌશલ્ય દાખવી, ટીમવર્ક કરીને બતાવ્યું, દિવસ-રાત એક કરીને, પછી પાણી હોય, કીચડ હોય કે કાદવ હોય, પાણીમાં જઈ શકાય એમ છે કે નહીં એની પણ પરવા કર્યા વગર મારે મારી ફરજ નિષ્ઠાથી બજાવવાની છે તે ધ્યેય સાથે જે આપણે ટીમવર્ક કર્યું તેના પરિણામે માત્ર રાજ્ય સરકાર નહીં, પણ હું ગામડામાં જ્યારે જતો હતો ત્યારે મારી પીઠ થાબડીને લોકો કહેતા હતા કે તમારી ટીમે ખૂબ સારું કામ કર્યું છે.

મિત્રો, કામ તમે કર્યું અને અભિનંદન અમને મળતાં હતાં. આપણી ટીમે અતિ સુંદર કામ કર્યું અને બહુ ટૂંકા સમયમાં પીવાના પાણી અને ગામની વીજળી ચાલુ કરાવી. આ અદ્‌ભુત કામ કર્યું આપણે સૌએ અને હું કે સૌરભભાઈ કે આપણી ટીમ વખાણ કરે તે નહીં, જ્યારે વપરાશકર્તા જેને આપણે ઇષ્ટદેવ, ભગવાન માનીએ છીએ એ ગ્રાહક જ્યારે એમ કહે છે કે, આ લોકોએ મારું ખૂબ સારું કામ કર્યું છે, સમયસર અશક્ય વસ્તુ હતી તે શક્ય બનાવી છે ત્યારે આપણા કામની ખરી કદર થતી હોય છે.

મિત્રો, સમગ્ર દેશની અંદર આજે ગુજરાતની વીજ વિતરણની વ્યવસ્થા એ બધું આ ટીમના ભરોસે ચાલે છે અને જ્યારે આપ સૌ પોતાનું કામ કરી રહ્યા છો ત્યારે સમગ્ર દેશમાંથી લોકો આજે શીખવા માટે આપણી પાસે આવે છે કે ગુજરાતનું આ ટીમવર્ક કેવી રીતે થાય છે. વીજળી તો બધાને સરખી મળે છે, પણ ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ તમે કેવી કરી છે કે જેના કારણે હજારો ગામડાઓમાં ૨૪ કલાક વીજળી આપી શકો છો, એ બધાને જાણવું છે.

આપણા સૌની જે મહેનત છે, જે લગન છે, ગમે તેવી આપણી અડચણો હોય, ગમે તે પ્રકારનો આપણા મનમાં ક્યાંય અસંતોષ પડ્યો હોય એ પણ કોરાણે મૂકીને સમય આવે ત્યારે આજે મારે આણ પડી છે કે આજે મારે લડાઈમાં જવાનું છ. ત્યારે બાકીની બધી ચીજો ભૂલીને જ્યારે આપણે મેદાનમાં ઉતરીએ છીએ ત્યારે આ પરિણામ મળતું હોય છે. એના માટે ફરીથી આપ સૌને ખૂબ ખૂબ ધન્યાવાદ અને અભિનંદન આપું છે.

ગુજરાતને સમગ્ર દેશમાં છેલ્લાં ૮-૧૦ વર્ષથી જે કોઈ એવોર્ડઝ મળ્યા એમાં વધુમાં વધુ એવોર્ડઝ આપણા વીજ વિભાગને મળ્યા છે. એમાં તમે સૌ સહભાગી બન્યા છો અને સૌરભભાઈનું નેતૃત્વ પણ એમાં સહભાગી બન્યું છે.

મિત્રો, આ જ પ્રકારે આપણી કામગીરી આગામી દિવસોમાં પણ સૌ બજાવતા રહીએ અને આપણો જે વપરાશકાર છે એ જ આપણો ભગવાન છે, એ જ આપણો અન્નદાતા છે એમ માનીને આપણે જે કામગીરી કરી એ માટે ફરીથી આપ સૌને મારા વતી અને રાજ્ય સરકાર વતી અભિનંદન પાઠવું છું. ખૂબ ખૂબ આભાર, જય જય ગરવી ગુજરાત.''

પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં માનનીય મંત્રીશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, શ્રી સૌરભભાઈ પટેલે કહ્યું હતું કે ''આપત્તિ સમય દરમ્યાન મળેલ માહિતી મુજબ કેટલાક સબસ્ટેશનોમાં ૨થી ૪ ફૂટથી પણ વધુ પાણી ભરાઈ ગયાં હતાં, ગામોનાં ગામો પાણીમાં ગરકાવ થઈ ગયેલ, પણ અમને આશા હતી કે જ્યારે પણ તક મળશે ત્યારે આપણી વીજ કંપનીના કર્મચારીઓ કામ કરવાની પહેલી તક ઝડપી લેશે અને સફળતાપૂર્વક કામગીરી વહેલી પૂર્ણ પણ કરશે તેવો સરકારશ્રીને પૂરો ભરોસો હતો.







છેલ્લા ૧૦ વર્ષથી પ્રજાની આપણી વીજ કંપની પ્રત્યેની અપેક્ષાઓ વધી છે. તમામ સરકારશ્રીના વિભાગોની સરખામણીએ ઊર્જા વિભાગની કામગીરી અગ્રેસર રહી છે. સરકારશ્રીને પણ ઊર્જા વિભાગની કામગીરી અને કાર્યક્ષમતા ઉપર પૂર્ણ વિશ્વાસ છે, જે આપણા માટે ગૌરવપૂર્ણ બાબત છે. ૧૫થી ૨૦ કલાક સતત કામ કરવાની વીજ કર્મચારીઓની ક્ષમતા છે. યશસ્વી કામગીરી બદલ લોકો તરફથી હકારાત્મક પ્રતિસાદના ફોન અમને મળેલ છે. લોકો દ્વારા કર્મચારીની કામગીરીના વખાણ કરવામાં આવેલ છે. ટ્રાન્સમિશન કંપનીના ફાળાની પણ નોંધ લઈને આપણી વીજ કંપનીઓ સમગ્ર ભારતમાં અગ્રેસર રહી છે જેને લીધે એ-પ્લસ રેટિંગ મળેલ છે.

પ્રસંશનીય કામગીરીને જાળવી રાખવાનો પડકાર હવે આપણા માથે છે જેને સતત જાળવી રાખવા માટે પ્રયત્નશીલ રહેવા માટે અનુરોધ કરું છું.''

શ્રી સૌરભભાઈએ વિકાસ માટેનો મહત્ત્વનો પાયો ઊર્જા છે એમ કહી ટીએન્ડડી લોસીસ ઘટાડવા માટે ભાર મુકેલ અને તે દિશામાં યોજનાબદ્ધ રીતે કામગીરી કરવા હાકલ કરેલ. તેઓએ સફળ કામગીરી માટે સરકારશ્રીના સહયોગની ખાત્રી આપેલ. તેમજ પીજીવીસીએલના ટીએન્ડડી લોસીસ સુધારવા માટે ટકોર કરેલ, જે માટે સરકારશ્રીનો હંમેશા સહયોગ મળશે તેવી ખાત્રી આપેલ. નવીન કનેક્શનો માટે ખાસ આયોજન હાથ ધરવા જણાવેલ કે જેથી ગ્રાહકોની ફરિયાદ ઊભી ન થાય. ફીડરના ટ્રિપિંગ અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરી સફળ કામગીરી કરવા જરૂર પડે તો લાંબા ફીડરો, સબસ્ટેશનની જરૂરિયાત, રો-મટિરિયલની ખામી, મેન્ટેનન્સની વાત જણાવવા માટે ખાસ ભાર મુકેલ. ગ્રાહકના સંતોષ માટે સતત પ્રયત્નશીલ રહેવા જણાવેલ.

તેમણે ઇન્ડસ્ટ્રીયલ ગ્રાહકોને સતત અવિરત વીજ પુરવઠો મળે તેવા પ્રયત્નો કરવા જણાવેલ કે જેથી તેઓને મુશ્કેલી પડે નહીં અને ગુણવત્તાસભર માલનું ઉત્પાદન થઈ શકે. અમદાવાદની સરખામણીમાં ગ્રામ્ય વિસ્તારોમાં લાઇટો અવારનવાર જાય છે તે માટે પણ ચિંતા વ્યક્ત કરી. ચોક્કસ ફીડરો ઉપર થતા વારંવાર ટ્રીપિંગ ઉપર ધ્યાન રાખવા જણાવેલ. અંતમાં સન્માનિત તમામ કર્મચારીઓ તથા સમારંભમાં ઉપસ્થિત નથી અને સફળ કામગીરીના યશભાગી છે તેવા તમામ કર્મચારીઓને તેમણે હૃદયપૂર્વ અભિનંદન પાઠવેલ.

તેઓએ કહ્યું હતું કે વીજ કર્મચારીઓએ સરકારશ્રી અને ગ્રાહકોને અપેક્ષાથી વધુ સારી કામગીરી કરી હોવાથી સન્માનિત કરવામાં આવી રહ્યા છે. શ્રી સૌરભભાઈએ કહ્યું હતું કે ''ગુજરાતનો ઊર્જા વિભાગ સમગ્ર ભારતમાં નં. ૧ છે અને આપણી સફળતા અન્ય રાજ્યો માટે અભ્યાસનો વિષય બની છે. સફળતા માટે જ્યારે અમોને જણાવવામાં આવે છે ત્યારે અમે સઘળો યશ વીજ કર્મચારીઓના ટીમવર્ક અને રાજકીય હસ્તક્ષેપના અભાવને આપીએ છીએ.'' તેઓએ વીજ ચોરી રોકવા માટે કર્મચારીઓને ધ્યાન રાખવા જણાવેલ અને તે માટે સરકારશ્રીનો સહયોગ રહેશે તેવુ આશ્વાસન આપેલ. તેઓએ ''આપણે હંમેશા નં. ૧ રહેશું'' તેવી અપેક્ષા સાથે ફરી વાર ઉપસ્થિત તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવેલ.

અંતમાં આભારવિધિ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંદીપકુમાર દ્વારા કરવામાં આવેલ. તેઓશ્રીએ ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિમાં દિવસ-રાત કામ કરનારા કર્મચારીઓને બિરદાવવા માટે પોતાનો કિંમતી સમય ફાળવી ઉપસ્થિતિ રહેનારા, સમારંભના અધ્યક્ષ અને ગુજરાત રાજ્યના ઊર્જાવાન માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ તથા ગુજરાત રાજ્યના રાજ્ય કક્ષાના ઊર્જા મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ તેમજ મંચ પર ઉપસ્થિત તમામ મહાનુભાવોનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરેલ, તેમજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, જીયુવીએનએલ, યુજીવીસીએલ,




પીજીવીસીએલના તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓનો તેમજ યુનિયન અને કોન્ટ્રાક્ટરના તમામ હોદ્દાદારશ્રીઓ અને સભ્યોનો પણ આભાર માનેલ.

ટાઉન હોલ, ગાંધીનગરના વ્યવસ્થાપકશ્રીઓની સાથે સાથે પ્રેસ, ફોટોગ્રાફર અને ઇલેક્ટ્રોનિક મીડિયાના મિત્રોનો તથા કેટરિંગ મિત્રો પણ આ કાર્યક્રમસફળ બનાવવામાં સહભાગી છે તેમ કહી સૌનોહૃદયપૂર્વક આભાર માન્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કે. ડી. બારોટ, નાયબ ઇજનેર, કોર્પોરેટ ઓફિસ, યુજીવીસીએલ, મહેસાણા, શ્રી સમીર પોટા, એકાઉન્ટ ઓફિસર, પીજીવીસીએલ, શ્રી એચ. બી. પટેલ નાયબ ઇજનેર, નારોલ સ્ટોર ઓફિસ, યુજીવીસીએલ દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન યુજીવીસીએલ અને પીજીવીસીએલના કર્મચારીઓ દ્વારા રચવામાં આવેલ વિવિધ કમિટીઓ દ્વારા કરવામાં આવેલ. ■

# અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામાં સફળ વીજ વિતરણ વ્યવસ્થા

દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૨-૯-૨૦૧૫થી તા. ૨૮-૯-૨૦૧૫ દરમ્યાન અંબાજી ખાતે યોજાયેલા ભાદરવી પૂનમના મેળા નિમિત્તે તેમજ નવરાત્રિના પર્વના ૧૫ દિવસ દરમ્યાન આશરે ૨૫થી ૩૦ લાખથી વધુ યાત્રાળુઓ મુલાકાત લે તેવી શક્યતાઓને ધ્યાનમાં લઈને ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ના મેનેજિંગ ડિરેક્ટરશ્રી અનુપમ આનંદના માર્ગદર્શન હેઠળ તેમજ કંપનીના ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર શ્રી જે.એમ. પટેલના નેતૃત્વ હેઠળ અધિક્ષક ઇજનેર શ્રી પી.બી. પંડ્યાની પાલનપુર સર્કલની ટીમ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવેલ.

પાલનપુર સર્કલના પાલનપુર ડિવિઝન-૨હેઠળના અંબાજી સબડિવિઝનની આ કામગીરીનું આયોજન હાથ ધરવામાં આવેલ જેથી વીજ વિતરણની કામગીરી વિના વિક્ષેપે પૂર્ણ થઈ શકી છે. શ્રી પી.બી. પંડ્યાના વડપણ હેઠળ તેમની ટીમ દ્વારા મહત્ત્વની કામગીરી હાથ ધરી શકાય તે માટે એક્શન પ્લાન કલેક્ટરશ્રી બનાસકાંઠા સમક્ષ રજૂ કરવામાં આવેલ. સમગ્ર કામગીરીમાં અધિક્ષક ઇજનેરથી માંડીને હેલ્પર સુધીના કર્મચારીઓને વિવિધ કામગીરી સોંપવામાં આવેલ.

અંબાજી ટાઉનમાં અંબાજી, ઉમિયા તથા ટેમ્પલ ફીડર દ્વારા વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ તમામ ૧૧ કેવી ફીડરોનું 'અંડરગ્રાઉન્ડ' નેટવર્ક તૈયાર કરવામાં આવેલ છે. ૧૮.૫ કિ.મી. ભૂગર્ભ કેબલથી ૩૮ ટ્રાન્સફોર્મર તથા ઓવરહેડ લાઇન (૫૦) ટ્રાન્ફોર્મર સેન્ટર દ્વારા વીજ પુરવઠો પૂરો પાડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

સંદેશાવ્યવહારની તકલીફ ન પડે તે માટે બીએસએનએલના નેટવર્કમાં હંગામી જોડાણો આપવામાં આવેલ. તેમજ કામગીરીને સંલગ્ન કર્મચારીઓને વોડાફોનના મોબાઇલ નેટવર્કથી સંપર્કમાં રાખવામાં આવેલ.

અંબાજીની આજુબાજુના વિસ્તારમાં ઝરીવાવ, ગબ્બર તથા કોટેશ્વર જ્યોતિગ્રામ ફીડરોથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે તથા અંબાજી ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશન આવેલ છે. અંબાજીના આજુબાજુના વિસ્તારના માંકડચંપા, ગોરાડ, ગંગવા, દાંતા તથા ભાયલા સબસ્ટેશનના ફીડરોનું અગાઉથી મેઇન્ટેનન્સ કરી દેવામાં આવેલ. કુલ ૭૨ કિ.મી. એચટી લાઇન, ૬૫ કિ.મી. એલટી લાઇન તથા ૧૨૫ ટ્રાન્સફોર્મરનું મેઇન્ટેનન્સ કરવામાં આવેલ.

મેળા દરમ્યાન અંબાજીની આજુબાજુના વિસ્તારમાં વીજ પુરવઠો સતત વિના વિક્ષેપે જળવાઈ રહે તે માટે તમામ સબસ્ટેશનમાં ૨૪ કલાક લાઇન સ્ટાફની પણ ડ્યુટી ગોઠવવામાં આવેલ, જેથી કોઈ પણ તાકિદની સ્થિતિને પહોંચી વળી શકાય.

સતત વીજ વિતરણ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અંબાજી પહોંચવાના તમામ રસ્તાઓ જેવા કે મહેસાણા-પાલનપુર, ખેરાલુ-વિસનગર અને હિંમતનગર-ખેડબ્રહ્માના રસ્તે ચાલતા પદયાત્રીઓને પીવાના પાણીની અગવડ ન પડે તેમ જ અન્ય જરૂરિયાતો માટે પણ સતત પાણી મળી રહે તે માટે રસ્તા ઉપરના ફીડરોમાંથી એગ્રીકલ્ચરના તમામ વીજ જોડાણને જરૂરિયાત મુજબ વીજ પુરવઠો મળે રહે તે માટે તેમજ અંબાજી મુકામે પહોંચતી અને પસાર થતી તમામ વીજ લાઇનોમાં ક્યાંય વીજ વિક્ષેપ ઊભો ન થાય અને જો થાય તો તરત જ તેનું



નિવારણ થઈ જાય તે માટે આયોજન કરવામાં આવેલ. પદયાત્રીઓને પાણીની અગવડ ન પડે તે માટે છાપી, ગીડાસણ, દાંતા, જલોત્રા, ગઢ, હેબતપુર, ઇકબાલગઢ, વિરમપુર, લાલવાડા અને વડગામ વગેરે સબસ્ટેશનના ૫૮ જેટલા ખેતીવાડી ફીડરો ઉપર મેળા દરમ્યાન ૨૪ કલાક સતત વીજ પુરવઠો ચાલુ રાખવામાં આવેલ.

અંબાજી મંદિર તરફથી કુલ ૫૩ થ્રી ફેઇઝ તથા ૫ સીંગલ ફેઇઝ વીજ જોડાણ માગવામાં આવેલ. જેમાં કુલ ૩૦ જેટલા વીજ જોડાણ સ્ટ્રીટ લાઇટ માટે માગેલ. આ સિવાય એસ.ટી. વિભાગ તરફથી ત્રણ થ્રી ફેઇઝ વીજ જોડાણ તથા ત્રણ સીંગલ ફેઇઝ, સરકારશ્રી તરફથી એક એક સીંગલ ફેઇઝ અને થ્રી ફેઇઝ વીજ જોડાણ તથા ૧૬ સીંગલ ફેઇઝ, અન્ય સેવા કેન્દ્રો દ્વારા ત્રણ થ્રી ફેઇઝ વીજ જોડાણ તથા ૭૬ સીંગલ ફેઇઝ જોડાણ માગવામાં આવેલ. આ તમામ અરજદારોને સમયસર વીજ જોડાણ આપી દેવામાં આવેલ.

આ સિવાય અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ તરફથી મુખ્ય કંટ્રોલ પોઇન્ટ, સાંસ્કૃતિક કાર્યક્રમ સ્થળ, મુખ્ય મંદિર તથા ગબ્બર જેવા અલગ અલગ સ્થળોએ ડીજી સેટ તથા ઇન્વર્ટરની વ્યવસ્થા કરવામાં આવેલ. જેની દેખરેખ યુજીવીસીએલ તરફથી કરવામાં આવેલ. ભાદરવી પૂનમના મેળા દરમ્યાન પાલનપુર વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી

પી.બી. પંડ્યા, પાલનપુર વિભાગીય કચેરી-૨ના કાર્યપાલક ઇજનેર શ્રી એલ.એ. ગઢવી તથા પાલનપુર વિભાગીય કચેરી-૧ના કાર્યપાલક ઇજનેર શ્રી બી.એસ. પરમાર તથા ત્રણ નાયબ ઇજનેર, ૧૧ જુનિયર તથા ૪૯ લાઇન સ્ટાફના કર્મચારીઓએ આ મેળા દરમ્યાન અંબાજી ખાતે દિવસ-રાત જોયા વિના કર્મઠ રીતે પોતાની સેવાઓ બજાવીને સફળતાપૂર્વક વીજ વિતરણ વ્યવસ્થા જાળવી રાખેલ છે. જેના માટે કુલ ૯ વાહનોની ફાળવણી કરવામાં આવેલ.

અંબાજી ખાતે કુલ ૯ અલગ અલગ કંટ્રોલ પોઇન્ટ બનાવી તમામ જગ્યા ઉપર જુનિયર ઇજનેરોને ફરજ આપી વીજ પુરવઠાની પરિસ્થિતિનું સતત મોનિટરીંગ કરવામાં આવેલ. આ સિવાય દાંતા ખાતે એક નાયબ ઇજનેર, બે જુનિયર ઇજનેર તથા લાઇન સ્ટાફના ૨૨ જેટલા કર્મચારીઓએ ફરજ બજાવેલ. મેળા દરમ્યાન જે પદયાત્રીઓ ચાલતા આવે તેના માટે અંબાજીથી હડાદ રોડ તથા અંબાજીથી દાંતા પર સુંદર સ્ટ્રીટ લાઇટની વ્યવસ્થા કરવામાં આવેલ. જેના માટે ટેમ્પરરી વીજ જોડાણ આપવામાં આવેલ. તમામ માર્ગો ઉપર જે સેવા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ તે તમામ સેવા કેન્દ્રો ઉપર ટેમ્પરરી વીજ જોડાણ આપવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા પદયાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને અગત્યની સૂચનાઓ પાઠવવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપનીની કામગીરીની સફળતાને અનુલક્ષીને પદયાત્રીઓને વીજ લાઇનના થાંભલાઓના સંપર્કમાં રહેવાનું ટાળવા જણાવવામાં આવેલ. વીજ લાઇનોના તૂટેલા તારને કોઈ પણ સંજોગોમાં અડવું નહિ અને જો આકસ્મિક રીતે વાયર રસ્તામાં તૂટેલો જણાય તો, તેમ જ વીજવિક્ષેપની મુશ્કેલીના નિવારણ માટે તાત્કાલિક નજીકની કચેરીએ અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૫થી જાણ કરવા વિનંતી કરવામાં આવેલ, જેથી અકસ્માત નિવારી શકાય.

વધુ વીજ ભાર લઈને પસાર થતી વીજ લાઈનો નીચે વાહનો ઊભા રાખવા નહિ, તેમ જ વધુ ઊંચાઈના વાહનો વીજ લાઈનો નીચેથી સાવચેતી પૂર્વક પસાર કરવામાં આવે તેવી ખાસ કાળજી લેવા જણાવેલ.

પદયાત્રીઓના સંઘ દ્વારા લઈ જવામાં આવતી ધજાના દંડ ઊંચાઈએ વીજ તારને અડકે નહિ તે રીતે લઈ જવા ખાસ કાળજી રાખવા વિનંતી કરવામાં આવેલ.

વીજ લાઈનો નીચે અથવા તેના થાંભલાઓ કે તાણીયા સાથે હંગામી નિવાસ/તંબુ/મંડપ ન બાંધવા અંગે સૂચના આપેલ. વીજ લાઈનો ઉપરથી ગેરકાયદેસર વીજ પ્રવાહ લેવો નહિ. આવું કાર્ય અકસ્માત નોતરે છે તેમ પણ જણાવેલ. ■

## ભાદરવી પૂનમ વખતે માત્ર ૨૦ મિનિટમાં અંબાજી ખાતે ગબ્બર ફીડરનું કામ પૂર્ણ







તા. ૨૩-૯-૨૦૧૫ના રોજ ભાદરવી પૂનમના મેળા નિમિત્તે અવિરત વીજ વિતરણ વ્યવસ્થા જળવાય તે માટે આગોતરું આયોજન હાથ ધરવામાં આવેલ.

આ સમય દરમ્યાન એસ.ટી. બસથી બે પીએસસી પોલ લોકેશન નં. ૫ અને ૬ને તૂટી ગયા હતા. જેને લીધે તેના ઉપરથી પસાર થઈ રહેલ વીજ પ્રવાહ કે જે ગબ્બર ફીડર ઉપર જતો હતો તેમાં વીજ વિક્ષેપ ઉપસ્થિત થયેલ.

આ ફીડર કૈલાસ ટેકરી ખાતે આવેલ છે. તેના સમારકામ માટે માત્ર ૨૦ મિનિટ જેટલા ટૂંકા સમયમાં ઉમિયા અર્બન ફીડર ઉપર વીજ ભાર લઈને કામગીરી હાથ ધરવામાં આવેલ. કંપનીના કર્મચારીઓએ ટીમસ્પિરિટથી હાથ ધરેલ કામગીરી અને જેસીબી અને હાઇડ્રો જેવા આધુનિક સાધનોની મદદ લઈને સંપૂર્ણ લાઇન બે કલાકમાં ઊભી કરી દીધેલ અને ગબ્બર ફીડર ઉપર થયેલ વીજ વિક્ષેપની સમસ્યાનું તાકીદે નિરાકરણ લાવેલ.

ભાદરવી પૂનમ દરમ્યાન કુલ ૨૫ લાખ જેટલા યાત્રાળુઓએ મુલાકાત લીધી હતી. તેવા સમયે વીજ વિક્ષેપની સમસ્યાનું તાકીદે નિરાકરણ લાવીને કંપનીના કર્મચારીઓ દ્વારા ત્વરિત નિર્ણાયક કામગીરી કરવામાં આવેલ, જેને લીધે અંબાજી સંસ્થાન અને યાત્રાળુ દ્વારા હકારાત્મક પ્રતિભાવ પ્રાપ્ત થયેલ છે અને કર્મચારીઓએ પોતાની કામગીરી માટે સંતોષની લાગણી પ્રાપ્ત કરેલ. ■

# “સર, આ આપણું જીયુવીએનએલ છે”








અહીં ગ્રાહક કેરો સાદ છે
ને વિદ્યુતનો વહેતો વરસાદ છે

એકતાના અહીં અનેક નીર છે
ને ઊજળું ગુજરાતનું તકદીર છે

જ્યાં ધાનેરા સમી ધડકન છે
અને કડી સમ અનોખી શાન છે

વળી અહીં રાજકોટનું ગાન છે
અને બોટાદનો બહુરંગી વાન છે

અહીં જ બેચરાજીનો પોકાર છે
અને ધંધુકાનો ધમધમતો ધબકાર છે

જ્યાં સતત એવોર્ડની વણઝાર છે
સંદીપકુમાર સાહેબનો જીવંત ધબકાર છે

માત અહીં જ્યોતિગ્રામ સાકાર છે
અનુપમ સરની સફળતાનો સાક્ષાત્કાર છે

અહીં કુદરતી આફતમાં સૌ ત્વરિત છે
અને કામકાજની અનોખી રીત છે

સૌ કર્મચારીઓનો નાદ છે
બોસ, આ આપણું યુજીવીસીએલ છે

એન્જિનીયર્સ સૌ શૂરવીર છે
યસ, આ આપણું પીજીવીસીએલ છે

પાલનપુર કેરી પહેચાન છે
ડીયર, આ આપણું યુજીવીસીએલ છે

કચ્છના નોખા નોખા તાન છે
અરે, આ આપણું પીજીવીસીએલ છે

વિરમગામનો વ્હાલો આકાર છે
દોસ્ત, આ આપણું યુજીવીસીએલ છે

સૌ કોઈના કામનો રંગીલો રણકાર છે
ગુજરાતીઓ, આ આપણું પીજીવીસીએલ છે

ઊર્જાના અપાર એવોર્ડનો આકાર છે
વ્હાલા, આ આપણું યુજીવીસીએલ છે

વળી અંદરોઅંદરની પ્રીત છે
હા, આ આપણું જીયુવીએનએલ છે

જ્યાં રાજગોપાલ સર અને માયરા સરનું ખમીર છે
વળી શાહમીના હુસેન મેડમનું ઝમીર છે
અને મન ચુઆંગઓ સાહેબનું અમીર છે

બસ, આ અને આ જ આપણું જીયુવીએનએલ છે

જ્યાં ગોવિંદભાઈ સાહેબ કેરો તાજ છે
સૌરભભાઈ સાહેબના નામનો સરતાજ છે
અને મેડમ આનંદીબેન સમા તખ્તો-તાજ છે

સર, આજ એકમાત્ર આપણું જીયુવીએનએલ છે...!

**એચ.બી. પટેલ (“હર્ષ”)** નાયબ ઇજનેર, નારોલ સ્ટોર, સાબરમતી સર્કલ, યુ.જી.વી.સી.એલ.

# ૧૦મી ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું મોડાસા ખાતે આયોજન

૧૦મી ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું મોડાસા ખાતે આયોજન તા. ૮-૯ ઓગસ્ટ ૨૦૧૫ દરમ્યાન મોડાસા ખાતે આવેલ ઉચ્ચતર કેળવણી મંડળના કેમ્પસ ખાતે આવેલ જે.બી. શાહ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના ટેબલ ટેનિસ હોલમાં કરવામાં આવેલ.

આ ટુર્નામેન્ટમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. હસ્તકની ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, પશ્ચિમ ગુજરાત અને મધ્ય ગુજરાત વીજ કંપની, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી. તથા ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.ની પુરૂષ અને મહિલા ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.







કાર્યક્રમની શરૂઆતમાં સહાયક સચિવ શ્રી એ.એમ. ભગોરાએ ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરી ટુર્નામેન્ટની સફળતા માટે શુભેચ્છા પાઠવેલ. ત્યાર બાદ ઉપસ્થિત

### ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ સિંગલ્સ ચેમ્પિયન/રનર્સ-અપ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી સી.જી. કંથારીયા | ડેપ્યુટી એન્જિનીયર | ઉતરણ પાવર સ્ટેશન, જીસેક | ચેમ્પિયન |
| શ્રી એચ.પી. ભટ્ટ | જુનિયર આસિસ્ટન્ટ | લીલીયા સબડિવિઝન, અમરેલી, પીજીવીસીએલ | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ સિંગલ્સ ચેમ્પિયન/રનર્સ-અપ મહિલાઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી પી.આર. મહાદીક | જુનિયર આસિસ્ટન્ટ | અલકાપુરી સબડિવિઝન, વડોદરા, એમજીવીસીએલ | ચેમ્પિયન |
| શ્રીમતી સી.એચ. મોદી | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિભાગીય કચેરી, યુજીવીસીએલ | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ડબલ ચેમ્પિયન/રનર્સ-અપ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એચ.પી. ભટ્ટ | જુનિયર આસિસ્ટન્ટ | લીલીયા સબડિવિઝન, અમરેલી, પીજીવીસીએલ | ચેમ્પિયન |
| શ્રી કે.એ. ત્રિવેદી | જુનિયર આસિસ્ટન્ટ | ડાયમંડ ચોક પે.વિ.ક., ભાવનગર, પીજીવીસીએલ | ચેમ્પિયન |
| શ્રી એ.એમ. રાઠોડ | ડેપ્યુટી સુપ્રિન્ટેન્ટ | રાજકોટ કન્સ્ટ્રક્શન વિ.ક., જેટકો | રનર્સ-અપ |
| શ્રી વાય.વી. જોશી | ડેપ્યુટી સુપ્રિન્ટેન્ટ | રાજકોટ કન્સ્ટ્રક્શન વિ.ક., જેટકો | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ડબલ ચેમ્પિયન/રનર્સ-અપ મહિલાઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી પી.આર. મહાદીક | જુનિયર આસિસ્ટન્ટ | અલકાપુરી સબડિવિઝન, વડોદરા, એમજીવીસીએલ | ચેમ્પિયન |
| શ્રીમતી એ.જી. જોશી | સિનિયર આસિસ્ટન્ટ | કોર્પોરેટ ઓફિસ, વડોદરા, એમજીવીસીએલ | ચેમ્પિયન |
| શ્રીમતી જેનીથી ક્રિશ્ચિયન | જુનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર, થર્મલ પાવર સ્ટેશન, જીસેક | રનર્સ-અપ |
| શ્રીમતી એન.એસ. ઠાકોર | જુનિયર એન્જિનીયર | ઉતરાણ પાવર સ્ટેશન, જીસેક | રનર્સ-અપ |

### ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ માટે પુરૂષોની ટીમ જીયુવીએનએલ

| કર્મચારીનું નામ | હોદ્દો અને કામનું સ્થળ | કંપનીનું નામ |
|---|---|---|
| શ્રી સી.જી. કંથારીયા | ડેપ્યુટી એન્જિનીયર, ઉતરણ પાવર સ્ટેશન | જીસેક |
| શ્રી એચ.પી. ભટ્ટ | જુનિયર આસિસ્ટન્ટ, લીલીયા સબડિવિઝન, અમરેલી | પીજીવીસીએલ |
| શ્રી એ.એમ. રાઠોડ | ડેપ્યુટી સુપ્રિડેન્ટન્ટ, રાજકોટ કન્સ્ટ્રક્શન વિ.ક. | જેટકો |
| શ્રી વાય.વી. જોશી | ડેપ્યુટી સુપ્રિડેન્ટન્ટ, રાજકોટ કન્સ્ટ્રક્શન વિ.ક. | જેટકો |
| શ્રી કે. એ. ત્રિવેદી | જુનિયર આસિસ્ટન્ટ, ડાયમંડ ચોક પે.વિ.ક., ભાવનગર | પીજીવીસીએલ |
| **સ્ટેન્ડબાય પ્લેયર** | | |
| શ્રી ડી.જી. દોશી | પીઓ-૨, ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | જીસેક |
| શ્રી આર.કે. પંચોલી | ટુલ્સ રૂમ આસિસ્ટન્ટ, થર્મલ પાવર સ્ટેશન | જીસેક |

### ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ માટે મહિલાઓની ટીમ જીયુવીએનએલ

| કર્મચારીનું નામ | હોદ્દો અને કામનું સ્થળ | કંપનીનું નામ |
|---|---|---|
| શ્રીમતી પી.આર. મહાદીક | જુનિયર આસિસ્ટન્ટ, અલકાપુરી સબડિવિઝન, વડોદરા | એમજીવીસીએલ |
| શ્રીમતી સી.એચ. મોદી | સિનિયર આસિસ્ટન્ટ, પાલનપુર વિભાગીય કચેરી | યુજીવીસીએલ |
| શ્રીમતી જેનીથી ક્રિશ્ચિયન | જુનિયર આસિસ્ટન્ટ, ગાંધીનગર, થર્મલ પાવર સ્ટેશન | જીસેક |
| એસ.એચ. જેઠવા | સિનિયર આસિસ્ટન્ટ, સેન્ટ્રલ ઝોન સબડિવિઝન, જામનગર | પીજીવીસીએલ |
| **સ્ટેન્ડબાય પ્લેયર** | | |
| આર.વાય. વ્યાસ | સિનિયર આસિસ્ટન્ટ, આણંદ વિભાગીય કચેરી | એમજીવીસીએલ |
| શિલ્પી રાની | જુનિયર એન્જિનીયર, સિક્કા થર્મલ પાવર સ્ટેશન | જીસેક |



**સિંગલ્સ ચેમ્પિયન**



**સિંગલ્સ રનર્સ-અપ**



**ડબલ્સ ચેમ્પિયન**



**સિંગલ્સ ચેમ્પિયન**



**સિંગલ્સ રનર્સ-અપ**



**ડબલ્સ ચેમ્પિયન**

મહાનુભાવોનું બૂકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ. આ અગાઉ શ્રી ઉપેન્દ્રભાઈ જોષી દ્વારા ગણેશ વંદના રજૂ કરવામાં આવી.

ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય કરીને ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે અધિક્ષક ઈજનેરશ્રી વતી કાર્યપાલક ઈજનેર મોડાસા શ્રી ડી.એફ. સિંહલે સ્થાન શોભાવેલ. જ્યારે અન્ય મહાનુભાવોમાં શ્રી નવીનભાઈ મોદી, પ્રમુખશ્રી ઉચ્ચતર કેળવણી મંડળ મોડાસા, શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ), શ્રી મહેન્દ્ર શાહ તથા શ્રી સુભાષભાઈ શાહ, મંત્રીશ્રીઓ ઉચ્ચતર કેળવણી મંડળ મોડાસા, શ્રી પી.કે. મહાની, અધિક્ષક ઈજનેર, શ્રી બી.એ. શાહ, નાયબ અધિક્ષક (હિસાબ) ગુજરાત ઊર્જા વિકાસ લી. વડોદરા, શ્રી એ.એમ. ભગોરા, સહાયક સચિવ હિંમતનગર સર્કલ તથા શ્રી મઝહરભાઈ સુથાર, ચીફ રેફ્રી અને ટેબલ ટેનિસના જાણીતા કોચ ઉપસ્થિત રહેલ. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી નવીનભાઈ




ડબલ્સ રનર્સ-અપ



ડબલ્સ રનર્સ-અપ

મોદીએ ઉત્તર ગુજરાત વીજ કંપની લી. દ્વારા આયોજીત ૧૦મી ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કોલેજ કેમ્પસમાં કરવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરેલ. ગુજરાત વિદ્યુત બોર્ડથી લઈને કંપની થયા બાદ વીજ વિતરણ ક્ષેત્રે હંમેશા ઉચ્ચતર કેળવણી મંડળને સંસ્થાકીય સહકાર મળેલ છે તે માટે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. ભવિષ્યમાં પણ આ પ્રકારના કાર્યક્રમો માટે સંસ્થાનો સહકાર મળતો રહેશે તેવી ખાતરી આપેલ. તેઓએ ભાગ લેનાર તમામ ખેલાડી ભાઈઓ-બહેનોને ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છા પાઠવેલ.

મુખ્ય મહેમાન તરીકે કાર્યપાલક ઈજનેર શ્રી ડી.એફ. સિંહલે ખેલાડીઓને ખેલદિલીપૂર્વક રમીને ટુર્નામેન્ટ સફળ બનાવવા અનુરોધ કરેલ.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં શ્રી જે.એસ. અસારી, નાયબ ઈજનેર તથા શ્રી ટી.એન. ખરાડી, જુનિયર ઈજનેર, શહેર પેટાવિભાગીય કચેરી, મોડાસાના વરદ હસ્તે વિજેતા ખેલાડીઓને ટ્રોફી-ટીશર્ટ અને મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. ગુજરાત ઊર્જા વિકાસ લી. દ્વારા અમલમાં મુકવામાં આવેલ પરંપરાને અનુલક્ષીને આગામી સમયમાં નિવૃત્ત થનાર ખેલાડીઓ સર્વ શ્રી પી.કે. મહાની, અધિક્ષક ઈજનેર (સિવિલ), કોર્પોરેટ ઓફિસ, એમજીવીસીએલ તથા શ્રીમતી યશસ્વીબેન ઓઝા, સ્ટેટેસ્ટીશીયન કોર્પોરેટ ઓફિસ, જેટકો, વડોદરાનું શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવેલ. ઉપસ્થિત ખેલાડીઓએ તાળીઓના ગડગડાટથી નિવૃત્ત થનાર ખેલાડીઓને વધાવીને ભવિષ્યની શુભકામનાઓ પાઠવેલ. શ્રી ઉપેન્દ્ર જોશી દ્વારા ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંકલન કરેલ.

શ્રી મઝહરભાઈ સુથાર, ચીફ રેફીએ ટુર્નામેન્ટનું સફળતાપૂર્વક સંચાલન કરેલ. શ્રી ડી.આઈ. કુંપાવત, શ્રી એ.ડી. મોથલીયા તથા શ્રી જગાભાઈ દ્વારા સમગ્ર ટુર્નામેન્ટનું સુંદર આયોજન કરેલ. ■

# ૧૦મી ઈન્ટર સર્કલ ટુર્નામેન્ટનું હિંમતનગર ખાતે આયોજન

તા. ૧૨-૭-૨૦૧૫ના રોજ હિંમતનગર સર્કલ ઓફિસના યજમાનપદે સાબર સ્ટેડિયમ ખાતે ૧૦ ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ.


ટુર્નામેન્ટને અંતે ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ માટેની ટીમને પસંદગી કરવામાં આવેલ. જેના પરિણામો નીચે મુજબ છે.

### ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ પુરૂષોની ટીમ યુજીવીસીએલ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી જે.એમ. સોની | જુનિયર આસિસ્ટન્ટ | મહેસાણા હાઈવે સબડિવિઝન |
| શ્રી એન.પી. પટેલ | જુનિયર પ્રોગ્રામર | આરએન્ડસી, મહેસાણા |
| શ્રી પી.પી. પ્રજાપત્તિ | ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ | મહેસાણા ઈન્ડસ્ટ્રીયલ સબડિવિઝન |
| શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) | આરએન્ડસી, મહેસાણા |
| શ્રી જે.એમ. ઠાકર | જુનિયર એન્જિનીયર | કડી-૧, સબડિવિઝન |
| **સ્ટેન્ડ બાય પ્લેયર** | | |
| શ્રી એમ.એલ. હિરાગરા | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સીટી-૧, સબડિવિઝન |

### ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ મહિલાઓની ટીમ યુજીવીસીએલ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| સી.એચ. મોદી | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર ડિવિઝન-૧ |
| એ.એ. ગુપ્તા | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર ડિવિઝન-૧ |
| એમ.એસ. ભટ્ટ | જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર સર્કલ ઓફિસ |
| એન.બી. પટેલ | જુનિયર એન્જિનીયર | તલોદ ડિવિઝન ઓફિસ |
| **સ્ટેન્ડ બાય પ્લેયર** | | |
| એસ.એસ. કાપડિયા | જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર સર્કલ ઓફિસ |




સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

UGVCL

# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com